આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માણસે પણ થોડા થોડા સમયાંતરે પોતાના 'સ્વાવલંબન' ના સેલ્ફી લેતાં રહેવું જોઇએ
- કાજલ ઓઝા

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૦૯ | ૨૨ જાન્યુઆરી, ૨૦૧૫, ગુરૂવાર ; મહા સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

વાઘબકરી ગ્રુપની
1kg નવચેતન ચા સાથે ૨ ગ્લાસ બાઉલ ફ્રી
✆ 079-66066246 * Condition Apply

# ગાંધીનગરમાં માવઠાનો માહોલ

## માવઠા જેવું વાતાવરણ સર્જાતા ખેડૂતો ચિંતિત : લઘુત્તમ તાપમાન વધતાં ઠંડી ઘટી : મોડી સાંજે કેટલાક સ્થળોએ છાંટા પડયા

ગાંધીનગર, તા.૨૧

ઠંડીના ચમકારા બાદ ગઈ કાલથી પારો સડસડાટ ઉંચે ચઢવા માંડયો હતો અને લઘુત્તમ તાપમાન ૧૩.૮ ડિ.સે. નોંધાયું હતું. જો કે લઘુત્તમ તાપમાનનું ઉંચે ચઢવું વાદળોને આભારી છે. ગઈ કાલે સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડયા બાદ બુધવાર સવારથી ગાંધીનગર અને તેના આસપાસના વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ સર્જાયું હતું. મોડી સાંજે કેટલાક વિસ્તારોમાં છાંટા પણ પડયા હતા. વાતાવરણમાં આવેલા અચાનક પલ્ટાને કારણે ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા છે.

હવામાન વિભાગે કરેલી આગાહી અનુસાર જ ગઈકાલથી જ સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ સર્જાયું હતું અને કમોસમી વરસાદ પડયો હતો. ત્યારબાદ આજે બુધવારે વહેલી સવારથી જ ગાંધીનગરમાં વાદળછાયુ વાતાવરણ સર્જાયું હતું. મહા મહિનાના પ્રારંભે સુર્યના દર્શન પણ અલપઝલપ થતા હતા. વાદળોની અવરજવરને પરિણામે શહેર જાણે કોઈ હીલસ્ટેશન હોય તેવું લાગતું હતું. વાદળો છવાતા લઘુત્તમ તામપાનમાં એક જ દિવસમાં ઉછાળો આવ્યો હતો. હજુ એકાદ-બે દિવસ પહેલા નોંધાયેલા લઘુત્તમ ૮.૫ ડિ.સે. તાપમાનને સ્થાને બુધવારે લઘુત્તમ તાપમાન ૧૩.૮ ડિ.સે. નોંધાયું હતું. જે સામાન્ય કરતા ઉચું છે. ગાંધીનગરમાં સાંજે કેટલાક સ્થળોએ છાંટા પડયા હતા. વરસાદની ભીની ખુશ્બુ વાતાવરણમાં છવાઈ ગઈ હતી. મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી નોંધાયું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૭૯ ટકા અને સાંજે ૬૧ ટકા રહ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર


(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ખેડૂતોમાં ચિંતાનું મોજું

ચિલોડા, તા.૨૧

ગાંધીનગર જિલ્લામાં અચાનક શિયાળામાં વાતાવરણમાં ફેરફાર થતાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે. હાલમાં શિયાળુ પાકમાં શાકભાજી ફુલાવર-


(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

કોબીજ, ભીંડાનું વાવેતરમાં વાતાવરણમાં ફેરફાર થતાં નુકસાની થવાનો અંદાજ થઈ રહ્યો છે. ગત દિવસોમાં કમોસમી વરસાદના કહેર બાદ હવે આકાશી વાદળો ખોરંભાયેલા દેખાતાં કદાચ કમોસમી વરસાદના બીજા રાઉન્ડના એંધાણો જણાતાં શિયાળુ ભીંડાના પાકને નુકશાન થવાના સંકેતોથી

● અનુસંધાન પાન-૭ પર

# છત્તીસગઢ નકસલી હુમલામાં માણસાનો જવાન શહીદ

## નકસલવાદીઓએ ગોળી મારીને જવાનની છાતી વીંધી નાંખી : માણસાનું હરણાહોડા ગામ આખુંય હિબકે ચઢયુ : અધિકારીઓ, રાજકીય આગેવાન તથા ગ્રામજનોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ વચ્ચે ગાર્ડ ઓફ ઓનર આપીને અંતિમયાત્રા નિકાળાઇ

ગાંધીનગર, તા.૨૧

છત્તીસગઢમાં નકસલવાદીઓ અને સેનાના જવાનો વચ્ચે થયેલી મુઠભેડમાં ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં સ્થિત હરણાહોડા



ગામના એક જવાન શહીદ થઈ જવા પામ્યા છે. નકલી હુમલામાં જવાનની છાતીએ ગોળી વાગતા જવાને દમ તોડયો હતો. આજે માણસા ખાતે જવાનના ગામ હરણાહોડામાં શહીદ થયેલા દિલીપસિંહ ચાવડાના દેહને લવાતા આખું ગામ હિબકે ચઢયું હતું. પુરા સન્માન સાથે ગાર્ડ ઓફ ઓનર આપી શહીદ જવાનની અંતિમયાત્રા નિકાળવામાં આવી હતી.

સોમવારે સવારે દશેક વાગ્યાના અરસામાં છત્તીસગઢ ખાતે નકસલવાદી હુમલો થયો હતો. સેનાના જવાનો અને નકસલવાદીઓ વચ્ચે થયેલી મુઠભેડમાં ગાંધીનગર જિલ્લાના માણસા સ્થિત

### શહીદ જવાનને સો-સો સલામ

હરણાહોડા ગામના જવાન શહીદ થઈ ગયા હતાં. નકસલવાદીઓની ગોળીથી સીઆરપીએફમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા ૪૮ વર્ષીય જવાન દિલીપસિંહ જશુજી ચાવડાની છાતી વિંધાઈ ગઈ હતી. આજે બુધવારે હવાઈમાર્ગે શહીદ જવાનનો પાર્થિવ દેહ વતનમાં લાવવામાં આવ્યો હતો. શહીદ જવાનને ખુબ જ મોટી સંખ્યામાં અધિકારીઓ, રાજકીય આગેવાનો તથા ગ્રામજનોએ ઉપસ્થિત રહીને સો સો સલામ આપી હતી. શોકમગ્ન ગામ આખુંય હિબકે ચઢયું હતું. ગાર્ડ ઓફ ઓનર સાથે શહીદ જવાનની અંતિમયાત્રા ગામમાંથી નીકાળવામાં આવી હતી.


(તસવીર : વિપુલ ચૌહાણ)



### જવાને બે કલાક પહેલા ખબરઅંતર પુછયા હતા..!

માણસાના હરણાહોડા ગામે રહેતા આખા પરિવાર સાથે છતીસગઢથી શહીદીના બે કલાક પહેલા જ જવાને ફોન પર વાતચીત કરીને ખબરઅંતર પુછયા હતાં. પરંતુ તે કોલ અંતિમ કોલ બની ગયો..! પત્નિ તથા સંતાનો અને પિતા સાથે સોમવારે સવારે ૮ વાગ્યાના અરસામાં દિલીપસિંહ ચાવડાએ ફોન પર વાતો કરી હતી. ત્યાર બાદ ડયુટી પર નીકળ્યા પછી બે જ કલાકમાં નકસલી હુમલો થયો અને ગોળીબારમાં દિલીપસિંહ શહીદ થઈ ગયા હતાં.

### વૃદ્ધ પિતાએ કંધોતર અને ત્રણ સંતાનોએ પિતાની છાય ગુમાવી...!

નકસલી હુમલામાં શહીદ થયેલા જવાન દિલીપસિંહને એક પુત્રી અને બે પુત્ર મળી ત્રણ સંતાનો હતાં. ત્રણેય પુત્ર એ પિતાની છાયા ગુમાવી છે જયારે વૃધ્ધ થયેલા પિતા જશુજીએ એકનો એક કંધોતર દિકરો ગુમાવ્યો છે. જશુજીના બે દિકરાઓ પૈકી એક દિકરો અકાળે મૃત્યુ પામ્યો હતો જયારે બીજા દિકરાએ દેશ માટે જીવ આપી દીધો છે.

## બેટી બધાવો, બેટી પઢાવો વાન આજે માણસા તાલુકામાં ફરશે

ગાંધીનગર, તા. ૨૧

આજે ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં બેટી વધાવો બેટી પઢાવો યાત્રા આવી પહોંચશે.

તાલુકા સેવા સદન ખાતે આ સંદેશ સાથેની વાન માણસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં જશે.

ગુજરાતમાં સ્ત્રી જન્મદરમાં માણસા તાલુકો રાજ્યમાં તળિયે હોઈ આ સંદેશ સાથે આ યાત્રા ભ્રમણ કરશે.

આ વાન માણસા તાલુકાના ઈન્દ્રપુરા, બાપુપુરા, વિહાર, ગલથરા અને અંબોડ ગામે જશે અને બેટી વધાવો અભિયાન અંગે લોકજાગૃતિ કેળવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતે બેટી વધાવો અભિયાન અંતર્ગત બી.પી.એલ. પરિવારમાં દિકરીનાજન્મ સાથે રૂ. ૧ હજારનું બોન્ડ આપવાની યોજના પણ અમલમાં મુકી છે. અને અત્યાર સુધીમાં ૧૫૦ જેટલી મહિલાઓને આ બોન્ડ આપી દેવામાં આવ્યા છે જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર જિલ્લામાં સ્ત્રી જન્મદર પુરૂષ જન્મદરની સાથે સુધર્યો હોવાનું આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યું છે. આ કાર્યક્રમ આરોગ્ય અને શિક્ષણ વિભાગ દ્વારા સંયુક્ત રીતે સંકલિત થઈ રહ્યો છે.




૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬

# વિધાનસભાનું અંદાજપત્ર સત્ર ૨૩ ફેબ્રુઆરીથી

## રાજ્યપાલશ્રીના સંબોધનથી સત્રનો આરંભ થશે : ૩૧મી માર્ચ સુધી ચાલશે : ૨૪મી ફેબ્રુઆરીએ બજેટ રજુ થશે




ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત વિધાનસભાનું સત્ર ૨૩ ફેબ્રુઆરીથી ૩૧મી માર્ચ સુધીનું મળશે. વિધાનસભાના આ અંદાજપત્ર સત્રમાં રાજ્યના નાણાંમંત્રી શ્રી સૌરભભાઈ પટેલ ૨૪મી ફેબ્રુઆરીએ વર્ષ-૨૦૧૫-૧૬નું અંદાજપત્ર રજુ કરશે.

રાજ્ય મંત્રીમંડળની આજે મળેલ બેઠકમાં વિધાનસભાના અંદાજપત્ર સત્રની તારીખો નિયત કરવામાં આવી હતી. રાજ્યપાલશ્રી દ્વારા હવે આ અંગેનું આહ્‌વાન પત્ર જારી કરવામાં આવશે.

વર્ષ-૨૦૧૫-૧૬ના બજેટ બાદ સરકાર દ્વારા નાણાંકીય બિલો રજુ કરવામાં આવશે. આ સત્રમાં અંદાજપત્ર પરની ચર્ચા માટે ચાર દિવસ તેમજ વિભાગવાર માંગણીઓ પરની ચર્ચા માટે ૧૨ દિવસ ફાળવવામાં આવશે.

રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીના સંબોધનથી આ બેઠકનો આરંભ થશે. રાજ્યપાલશ્રી પદે નિયુક્ત થયા બાદ આ વિધાનસભાનુ સત્ર આ વર્ષનું પ્રથમ સત્ર છે અને તેઓ પણ પ્રથમવાર ગૃહને સંબોધન કરશે.

રાજ્યપાલશ્રીનું પ્રવચન તૈયાર કરવા માટે દરેક વિભાગોને તેમની સિદ્ધિઓ વિશે વિગતો મોકલી આપવાના આદેશો જારી કરી દેવામાં આવ્યા છે.

વિધાનસભાના આ અંદાજપત્ર સત્રમાં નાણાંકીય કામગીરીનું ભારણ વધુ રહેશે. આ સત્રમાં વિધાનસભાની વિવિધ સમિતિઓ તેમજ બોર્ડ-નિગમોના વાર્ષિક અહેવાલો પણ રજુ થશે તેમ મનાઈ રહ્યું છે.

